| | | | |
|---|---|---|---|
| GJAR040014162024 | सत्यमेव जयते | કેસ દાખલ થયાની તા. | ૧૭/૧૦/૨૦૨૪ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૧૭/૧૦/૨૦૨૪ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૨૮/૦૪/૨૦૨૬ |
| | | સમયગાળો: વર્ષ–૦૧ , મહિનો–૦૬ ,દિવસ–૧૧ | |

---

**મેઘરજના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.મેઘરજ**

---

**ફોજદારી કેસ નંબર : ૧૦૩૮/૨૦૨૪**
**આંક :**

---

**ફરીયાદી :** **શ્રી સરકાર**
ઈસરી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૫૨૪૦૨૦૧/૨૦૨૪

**૦ વિરૂધ્ધ ૦**

**આરોપીઓ :** (૧)ભુરાભાઈ અરવિંદભાઈ ડામોર
રહે.પીપળીયા(જામગઢ),તા.મેઘરજ,જી.અરવલ્લી

---

ગુનો: **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ– ૩૨૩,૫૦૪, ૫૦૬(૨) મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિદ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિદ્વાન વકીલ શ્રી કે.કે.પટેલ

---

**૦ હુકમ ૦**

(૧) આ કામના આરોપી સામે ઇસરી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૫૨૪૦૨૦૧/૨૦૨૪ તા. ૧૭/૧૦/૨૦૨૪ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬૦ ની કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) <u>ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–</u>

સદર કામે મોજે પીપળીયા ગામે તારીખ–૧૭/૦૫/૨૦૨૪ ના કલાક ૨૧/૩૦ વાગે આ કામના આરોપીએ ફરીયાદી ને કહેલ કે આજથી ત્રણેક વર્ષ પહેલા તારા પિતા સાથે મારામારી થઈ હતી જેથી તને ફસાવી નાખવાનો છે તેમ કહી ફરીયાદી ને મા–બેન સામી ગાળો બોલી ગડદા પાટુનો મારમારી ફરીયાદી ને જમણી આંખની ઉપર તેમજ શરીરે ઓછા વત્તી ઇજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ઇ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબના ગુના અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) <u>કોર્ટ કાર્યવાહી :–</u>

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપી ને તે સમન્સ બજતા તેઓ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આંક – ૦૫ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી

આરોપીઓની આંક – ૦૬ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી પંકજભાઈ દિનેશભાઈ ડામોર ની જુબાની | ૦૮ |
| ૦૨ | ફરિયાદ | ૦૯ |
| ૦૩ | પંચનામાની ખરી નકલ | ૧૦ |
| ૦૪ | મેડીકલ સર્ટી | ૧૧,૧૨ |
| ૦૫ | કલોજીંગ પુરશીશ | ૧૩ |

(૫) ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે, મોજે પીપળીયા ગામે તારીખ–૧૭/૦૫/૨૦૨૪ ના કલાક ૨૧/૩૦ વાગે આ કામના આરોપીએ | નકારમાં |

| | | |
|---|---|---|
| | ફરીયાદી ને કહેલ કે આજથી ત્રણેક વર્ષ પહેલા તારા પિતા સાથે મારામારી થઈ હતી જેથી તને ફસાવી નાખવાનો છે તેમ કહી ફરીયાદી ને મા–બેન સામી ગાળો બોલી ગડદા પાટુનો મારમારી ફરીયાદી ને જમણી આંખની ઉપર તેમજ શરીરે ઓછા વત્તી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬ (૨) મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે **?** | |
| **૨.** | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

**<u>૦ મુદા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>**

**(૭) –:: પુરાવાનુ મુલ્યાંકન ::–**

**<u>મુદાની ચર્ચા :–</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય–નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **''Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous''** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

(૮) <u>ફરિયાદી તથા સાહેદો નો પુરાવો :–</u>

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૦૮ થી ફરિયાદી પંકજભાઈ દિનેશભાઈ ડામોર ની ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ અગાઉ રાત્રીના સમયે કસાણા ગામ પાસે બનેલો. બનાવ સમયે આ કામના આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહીં. આ સામાન્ય બોલાચાલી બાબતે અમોએ આવેશમાં આવીને ઈસરી પોલીસ મથકે આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલી. જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં મારી સહી છે જે ખરી નકલને આંકે પાડવા સામે બચાવ પક્ષને વાંધો ન હોઈ જે ફરીયાદ રજુ દાખલ **આંક . ૦૯** આપવામાં આવે છે.

સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ છે. સરકારી વકીલશ્રીએ તેઓની

વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરિયાદની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ હકિકત સદર ફરિયાદી જણાવેલ નથી.

જ્યારે બચાવ પક્ષની ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે આરોપી સાથે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. બનાવ સમયે આરોપીએ મને કોઈ માર મારી ઈજા પહોંચાડેલી નથી. આરોપીએ બનાવ સમયે મને કોઈ ગાળો બોલેલી નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી. બનાવ સમયે ઘણા લોકો ભેગા થયેલા હોઈ કોણ શું બોલતુ હતુ અને કોના હાથમાં શુ હતુ તેની મને ખબર નથી. બનાવ સમયે ઘણા લોકો ભેગા થતાં ધકકા મુકકી થવાના કારણે પડી જવાના કારણે મને સામાન્ય ઈજા થયેલી. મને થયેલ ઈજા બાબતે ડોકટરશ્રીએ મને કોઈ હકીકત પુછેલી નથી કે મે લખાવેલ નહિ. સામાન્ય બોલાચાલી થતાં ગેરસમજ થતા મે ફરીયાદ આપેલી.

(૯) આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષે મહત્વના કહી શકાય એવા ફરિયાદીએ આંક-૮ થી તેમનો સોગંદ ઉપરનો પુરાવો રજુ રાખેલ છે. તેઓ એ આંક- ૦૯ વાળી ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. ફરિયાદીના પુરાવાથી આ કામના આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે બીભત્સ ગોળો આપેલ હોય કે માર મારેલ હોય તેવુ ફલિત થતુ નથી. આમ, આંક- ૦૮ વાળા ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર મદદરૂપ થતો નથી. આરોપીઓ વિરૂધ્ધ આરોપના તત્વો સાબિત થતા નથી તેમજ આંક- ૧૩ થી ફરિયાદપક્ષ તરફથી કલોઝીંગ પુરશીશ રજુ કરી બીજા કોઇ સાક્ષી તપાસવા માગતા નથી તેવુ જાહેર કરેલ છે. તેથી અન્ય કોઈ સાહેદોને તપાસેલ નથી. આ સાહેદના

પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો બનાવ છે તે સામાન્ય બોલાચાલીનો છે. બનાવમાં આરોપીઓએ માર મારેલ હોય, ગંદી ગાળો આપેલ હોય, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આ સાહેદના સોગંદ પરના પુરાવાથી રેકર્ડ પર જણાઈ આવતો ન હોય તે સંજોગોમાં આરોપીને દોષિત માની શકાય તેમ નથી. ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી, કહેવાતો બનાવ આરોપીઓ ધ્વારા બનેલ હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવતો ન હોવાથી આરોપી વિરૂધ્ધ આરોપ મુજબના તત્વો સાબિત થતા નથી. વધુમાં, સદર કામે બચાવપક્ષની સંમતીથી રજુ રાખેલ દસ્તાવેજોને જેમના તેમ વંચાણે લેવામાં આવે તો પણ તે ફ્રીયાદીની જુબાની સાથે મેળખાતા ન હોય તે દસ્તાવેજી પુરાવા પુરવાર થતા નથી. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવા રજુ કરી શકેલ ન હોય, આરોપી વિરૂધ્ધનો આક્ષેપ યુકત આરોપો સાબિત થતા નથી, આરોપી વિરૂધ્ધ આક્ષેપયુકત શંકાથી પર આરોપી પુરવાર કરી શકેલ નથી તેમજ કોઇ હથીયાર વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી. આમ ફરિયાદીની જુબાની જોતાં આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે જુબાની આપેલી નથી, તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદ્દા નં.૧ ની હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ હોય, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ **એ.આઈ.આર. ૨૦૦૮ (સુ.કો.) પાન નં. ૧૯૬૯** માં ઠરાવ્યા મુજબ કેસના સંજોગો જોતા જયારે ફરિયાદી પોતે જ જયારે પોતાના કેસને બીલકુલ સમર્થન આપતા ન હોય ત્યારે ફરિયાદપક્ષ તરફે બીજા અન્ય સાહેદોને તપાસવાથી કે સાંયોગિક પુરાવો એકત્ર કરવાથી કેસમાં કોઈ પરિણામ આવી શકે તેવા સંજોગો જણાતા નથી, તેથી આવા કેસોમાં બચેલો સમય અન્ય સારા અને તકરારી કેસોને ફાળવવો જોઈએ, અત્રેના કેસમાં પણ પક્ષકારો વચ્ચે જે તકરારો હતી તે પૂર્ણ થઈ ગયેલ છે, તેવા સં

જોગોમાં આ કેસને વધુ લાંબા સમય સુધી પડતર રાખવાનુ યોગ્ય જણાતુ નથી. આમ ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ આખરી હુકમ ૦**

(૧) આ કામે ઈસરી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૫૨૪૦૨૦૧/૨૦૨૪ ના કામે (૧)ભુરાભાઈ અરવિંદભાઈ ડામોર, રહે.પીપળીયા(જામગઢ),તા.મેઘરજ,જી.અરવલ્લી નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ– ૩૨૩,૫૦૪, ૫૦૬ (૨) મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા. ૨૮મી , માહે– એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૨૮ / ૦૪ /૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |